આંક–૦૬

| | |
|---|---|
| રજુ તારીખ | ૧૧/૦૪/૨૦૧૯ |
| દાખલ તારીખ | ૧૧/૦૪/૨૦૧૯ |
| ફેંસલ તારીખ | ૨૪/૦૨/૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ :૦૩ માસ:૧૦ દિન: ૧૩ |

**મે.મજુર અદાલત, અમદાવાદના પ્રિસાઈડિંગ ઓફિસરશ્રી એચ.કે.મેરીયા સાહેબ સમક્ષ**

**રેફરન્સ (ટી) નં. : ૪૯૭/૨૦૧૯**

**પ્રથમ પક્ષકારો :** ફલેક્ષટ્રોન સીલીંગ સોલ્યુશન્સ
હે. પ્લોટ નં. ૩૦૦, ફેઝ–૧, નટરાજ સીરામીકસ પાસે,
જી.આઈ.ડી.સી. નરોડા, અમદાવાદ.

**: વિરૂધ્ધ :**

**બીજા પક્ષકાર:** પારથીભાઈ પ્રહલાદભાઈ રામસેણા
હે. ગામ–રમુણ, પો.ટેંઠોદા,
તા.ડીસા, જી.બનાસકાંઠા.

હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે : –––––.
બીજા પક્ષકાર તરફે : શ્રી એસ.બી.ચૌધરી.

**–:: એવોર્ડ ::–**

**૧.** આ કામમાં સગવડતા ખાતર હવે પછી આ કામના બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકારને અનુક્રમે 'અરજદાર' અને 'સામાવાળા' તરીકે સંબોધવામાં આવશે.

**૨.** આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ તે સંદર્ભેનો ઔધોગિક વિવાદ મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદ સમક્ષ આઈડીઆર/કેસ નં.૨૬૫/૨૦૧૮ થી વિવાદ ઉપસ્થિત કરેલ તે કન્સીલેશન કાર્યવાહીમાં સમાધાન નહી થતા સદરહુ રેફરન્સ મજૂર અદાલતને અનુસૂચી સાથે ન્યાય નિર્ણય સારુ મોકલવામાં આવેલ જે અત્રેની મજૂર અદાલત ધ્વારા રેફરન્સ કેસ નોંધીને અત્રેની કોર્ટને ન્યાયીક નિર્ણય સારૂ ટ્રાન્સફર કરવામાં આવેલ છે.

**૩.** સદરહું કામનુ રેકર્ડ વંચાણે લેતા સદરહુ કેસ દાખલ થયો ત્યારથી જ આ કામે માંગણાનુ નિવેદન રજુ કરવાના તબકકા પર મુલતવી રહેલ છે અને વધુમા આ કામે અરજદારના પ્રતિ.શ્રી દ્રારા આંક–પ થી માંગણાનુ નિવેદન રજુ કરવા સારુ તા.૫/૭/૨૨ ના રોજ મુદત અરજી રજુ કરેલ છે જે મુદત અરજીમાં છેલ્લી તક આપીને મંજુર કરવામા આવેલી ત્યારબાદ સદરહુ કામે ચાર પાંચ મુદત થવા છતા અરજદારપક્ષેથી આ કામે કોઈ માંગણાનુ નિવેદન રજુ નહી કરતા તેમજ આજરોજ અરજદારના પ્રતિ.શ્રી હાજર હોવા છતા કોઈ

માંગણાનુ નિવેદન રજુ કરેલ નથી કે કોઈ મુદત રીપોર્ટ રજુ કરેલ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતા સદરહું કામમાં છેલ્લા ૪ વર્ષથી અરજદાર તરફથી આ કામે કોઈ આગળની કાર્યવાહી કરેલી નથી કે કોઈ કે માંગણાનુ નિવેદન અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી. તે સંજોગોમાં હાલનું કામ આગળ ચલાવવું અશકય બનેલ છે. જેથી હાલનો કેસ અરજદારની ગેરહાજરી કારણે તેમજ માંગણાનુ નિવેદન ન રજુ ન કરવાના કારણોસર રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

૪. લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩ર ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૨૪–૦૨–૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)
CODE : GJ01279
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.